# અમદાવાદમાં આજથી અભેદ્ય કિલ્લેબંધી

## પારિવારિક અને ધાર્મિક મેળાવડા ન યોજવા અપીલ : રેડઝોન સહિત રાજ્યભરના કેન્ટેન્ટમેન્ટ વિસ્તારમાં શક્ય એટલા વધુ ફોર્સથી પુરતી તકેદારી રખાશે : શિવાનંદ ઝા

અમદાવાદ,તા.૬

રાજ્યના પોલીસ વડા શિવાનંદ ઝાએ જણાવ્યું છે કે કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા માટે રાજ્યભરમાં રેડઝોન સહિતના કન્ટેન્ટમેન્ટ વાળા વિસ્તારોમાં સંક્રમણ વધે નહીં અને અન્ય વિસ્તારોમાં પ્રસરે નહીં તે માટે શક્ય એટલા વધુ ફોર્સથી પૂરતી તકેદારી સાથેની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરાશે. લોકડાઉનના અમલ સંદર્ભે પોલીસ વડા ઝાએ ઉમેર્યુ કે અમદાવાદ શહેરના કેટલાક વિસ્તારોમાં પ્રમાણ વધુ છે તેવા કન્ટેન્ટમેન્ટ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવાશે. પેરામિલિટરી ફોર્સની વધુ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. કેન્દ્ર સરકાર દ્વારા ૬ બીએસએફ અને ૧ સીઆઈએસએફ મળી કુલ ૭ વધારાની કંપનીઓ ફાળવી દેવાઈ છે. તે પૈકી ૫ કંપનીઓ અમદાવાદ ખાતે કાર્યરત કરાશે આ માટે કુલ ૮ પેરામિલિટરી ફોર્સની કંપનીઓ દ્વારા સુરક્ષાની અભેદ્ય કિલ્લા બંધી સાથે સંક્રમિત વિસ્તારોમાં ચાંપતી નજર રાખવા પૂરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. અમદાવાદ શહેરમાં શહેરની પોલીસ ફોર્સ, એસઆરપી અને પેરામિલિટરી સહિત કુલ ૩૮ કંપનીઓ ફાળવવામાં આવી છે. આ ઉપરાંત વડોદરા ખાતે બે કંપની અને સુરત ખાતે કુલ છ કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. ઝાએ ગર્વ સાથે ઉમેર્યું કે કોરોના સંક્રમણને રોકવા માટે પોલીસ ફોર્સ, રાજ્ય પોલીસ દળ અને પેરામિલિટરી ફોર્સ ઊંચા મનોબળ સાથે અવિરતપણે લડત ચલાવી રહ્યા છે. તમામને માસ્કની સુવિધાઓ પૂરી પડાઈ છે અને દર બે કલાકે સાબુથી હાથ ધોવા અને સેનિટાઇઝરનો ઉપયોગ કરવા સહિતની સુવિધાઓ પણ ઉપલબ્ધ બનાવવામાં આવી છે. ઝાએ વધુમાં કહ્યું કે ઓરેન્જઝોન અને ગ્રીનઝોનમાં પણ સંક્રમણને રોકવા માટે રાજ્ય સરકારની ગાઈડલાઈન અનુસાર વ્યવસ્થાઓ ગોઠવી દેવામાં આવી છે. રેડ, ઓરેન્જ અને ગ્રીન ઝોનમાં જે પ્રતિબંધો છે તેનો નાગરિકો યોગ્ય પાલન કરે તે અત્યંત જરૂરી છે. ધર્મ સંસ્થાના વરિષ્ઠોને અપીલ કરતા ઝાએ કહ્યું કે ધાર્મિક સંસ્થાનો પર મેળાવડાઓ ન કરવા જોઈએ પોલીસ દ્વારા સઘન ચેકિંગ કરાશે.

જો ધાર્મિક સ્થળો પર લોકો એકઠા થયેલા જણાશે તો કાર્યવાહી કરાશે. અમદાવાદ શહેરમાં ગુરુદ્વારામાં એકત્રિત થયેલ લોકો સામે કેસ નોંધવામાં આવ્યો છે. લોકડાઉન દરમિયાન શૈક્ષણિક સંસ્થાઓ, મનોરંજન સ્થળો, પાર્ટી પ્લોટ, મોલ વગેરે સ્થળો સદંતર બંધ રાખવા સૂચના આપવામાં આવી છે તેનું દરેકે ચુસ્ત પાલન કરી કોરોના સામેની લડાઈમાં સૌનો સહયોગ જરૂરી છે આવા સ્થળોએ જો લોકો એકઠા થશે તો તેમની સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવી ઝાએ કોરોના સંક્રમણને અટકાવવા સામાજિક, પારિવારિક અને ધાર્મિક મેળાવડાઓને રોકવા નાગરિકોને અપીલ કરી છે. તેમણે કહ્યું કે કોરોનાના સંક્રમણને અટકાવવા લોકોને તબીબી સેવાઓ સરળતાથી અને તાત્કાલિક મળી રહે તે આવશ્યક હોવાથી લોકડાઉનમાંથી તબીબી સેવાઓને મુક્તિ આપવામાં આવી છે જેથી તબીબો તેમના ક્લિનિક ચાલુ રાખી શકશે. તબીબો તથા પેરામેડીકલ સ્ટાફ સહિત તબીબી સેવાઓ સાથે જોડાયેલા તમામને પોલીસ વિભાગ તરફથી જરૂરી સહયોગ પુરો પાડવામાં આવી રહ્યો છે. ઝાએ વધુમાં જણાવ્યું કે, વિવિધ માધ્યમો દ્વારા જે ગુનાઓ ગત રોજથી દાખલ થયા છે, તેમાં ડ્રોનના સર્વેલન્સથી ૧૫૫ ગુના નોંધાયા છે.

આ સર્વેલન્સથી આજદિન સુધીમાં ૧૧,૩૫૫ ગુના દાખલ કરીને ૨૧,૩૯૧ લોકોની ધરપકડ કરાઈ છે. જ્યારે સ્માર્ટ સિટી અને વિશ્વાસ પ્રોજેક્ટ હેઠળ સીસીટીવી નેટવર્ક દ્વારા ૬૦ ગુના નોંધીને ૭૦ લોકોની ધરપકડ કરાઈ છે. આ રીતે અત્યાર સુધીમાં સીસીટીવીના માધ્યમથી ૨૬૨૯ ગુના નોંધીને ૩૭૪૫ લોકોની ધરપકડ કરવામાં આવી છે. ઝાએ કહ્યું કે, રહેણાંક વિસ્તારની વિવિધ સોસાયટીઓમાં લગાવવામાં આવેલા ખાનગી સીસીટીવી કેમેરાના ફૂટેજના આધારે ગઈકાલે ૨૦ ગુનામાં ૧૩ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે આજદિન સુધીમાં ૫૬૭ ગુનામાં કુલ ૮૨૮ લોકોની અટકાયત કરવામાં આવી છે. આ જ રીતે, સોશિયલ મીડિયા પર ખોટા મેસેજ અને અફવાઓ ફેલાવા સંદર્ભે ગઈકાલથી આજ સુધીમાં ૧૧ ગુનાની સાથે અત્યાર સુધીમાં ૬૬૮ ગુના દાખલ કરીને ૧૩૮૮ આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

જ્યારે સોશિયલ માધ્યમો પર અફવા ફેલાવતા વધુ ૧૭ એકાઉન્ટ્સ બંધ કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. અત્યાર સુધીમાં આવા ૬૨૮ એકાઉન્ટ બ્લોક કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા વિડિયોગ્રાફી મારફત ગઈકાલના ૧૩૨ ગુના સહિત અત્યાર સુધીમાં કુલ ૨૫૪૦ ગુના નોંધવામાં આવ્યા છે. ઓટોમેટિક નંબર પ્લેટ રેકૉગ્નિશન દ્વારા ગઈકાલના ૪૨ સહિત આજદિન સુધીમાં કુલ ૧૧૧૩ ગુના દાખલ કરવામાં આવ્યા છે. કેમેરા માઉન્ટ ખાસ 'પ્રહરી' વાહન મારફત ગઈકાલના ૫૬ ગુના દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે આજદિન સુધીમાં ૮૮૩ ગુના દાખલ કરવામાં આવ્યા છે.

## ૧૫મી મે સુધી તમામ દુકાનો બંધ રહેશે

### અમદાવાદ વહીવટીતંત્ર રોગચાળાના ફેલાવાને રોકવા માટે લોકડાઉનને વધુ કડક બનાવવાનું કામ કરી રહ્યું છે

ગુજરાતમાં કોરોના વાયરસના રોગચાળાને કારણે સ્થિતિ એકદમ ગંભીર છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૬ હજાર ૨૪૫ લોકો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. સૌથી ભયાનક સ્થિતિ અમદાવાદની છે, જ્યાં મંગળવારે ૨૪ કલાકમાં ૩૪૯ નવા કેસ નોંધાયા છે અને ૩૯ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આવી સ્થિતિમાં, અમદાવાદ વહીવટ રોગચાળાના ફેલાવાને રોકવા માટે લોકડાઉનને વધુ કડક બનાવવાનું કામ કરી રહ્યું છે. આ હુકમ હેઠળ શહેરની તમામ દુકાનોને આજ રાતનાં ૧૨ વાગ્યાથી બંધ રાખવાનો હુકમ કરવામાં આવ્યો છેત્ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા બુધવારે દૂધ અને ડ્રગ સ્ટોર્સ ઉપરાંત શહેરમાં તમામ પ્રકારની દુકાનો ખોલવાની મનાઈ ફરમાવવામાં આવી છે. મ્યુનિસિપલ કમિશનરે આ આદેશ જાહેર કર્યો છે, રોગચાળાના કાયદા અધિનિયમમાં સૂચવ્યા મુજબ તેના સત્તાનો ઉપયોગ કરીને. આ અંતર્ગત શહેરમાં તમામ પ્રકારની દુકાનો આજે રાત્રે ૧૨ થી ૧૫ વાગ્યા સુધી બંધ રહેશે. દૂધ અને ડ્રગ સ્ટોર્સને આમાંથી મુક્તિ આપવામાં આવી છે. આ સિવાય કોઈપણ વિક્રેતાઓને ફળો, શાકભાજી અને કરિયાણા સિવાય માલ વેચવાની છૂટ રહેશે નહીં. આ નિયમ ૭ મેથી ૧૫ મે સુધી લાગુ રહેશે. મહેરબાની કરીને કહો કે અમદાવાદ કોરોના રાજ્યનો સૌથી અસરગ્રસ્ત જિલ્લો છે. કોરોનાના વધતા જતા કેસોને જોતા આખા શહેરને રેડ ઝોન જાહેર કરાયો છે. મંગળવારના અહેવાલ મુજબ, ૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના ૪૪૧ નવા કેસ નોંધાયા છે. જેમાં ૩૪૯ કેસ અમદાવાદના હતા.

## ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૪૭૧૬ | ૨૯૮ | ૭૭૮ |
| વડોદરા | ૪૨૧ | ૩૧ | ૧૬૪ |
| સુરત | ૭૫૪ | ૩૩ | ૩૧૪ |
| રાજકોટ | ૬૨ | ૦૧ | ૨૬ |
| ભાવનગર | ૮૨ | ૦૫ | ૨૧ |
| આણંદ | ૭૬ | ૦૬ | ૩૭ |
| ભરૂચ | ૨૭ | ૦૨ | ૨૨ |
| ગાંધીનગર | ૮૩ | ૦૫ | ૧૭ |
| પાટણ | ૨૪ | ૧ | ૧૨ |
| પંચમહાલ | ૫૧ | ૦૩ | ૦૬ |
| બનાસકાંઠા | ૬૪ | ૦૧ | ૧૪ |
| નર્મદા | ૧૨ | ૦૦ | ૧૨ |
| છોટાઉદેપુર | ૧૪ | ૦૦ | ૧૧ |
| કચ્છ | ૦૭ | ૦૧ | ૦૫ |
| મહેસાણા | ૪૨ | ૦૦ | ૦૮ |
| બોટાદ | ૪૮ | ૦૧ | ૦૮ |
| પોરબંદર | ૦૩ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૧૫ | ૦૦ | ૦૨ |
| ગીરસોમનાથ | ૦૩ | ૦૦ | ૦૩ |
| ખેડા | ૧૭ | ૦૧ | ૦૩ |
| જામનગર | ૦૫ | ૦૧ | ૦૦ |
| મોરબી | ૦૧ | ૦૦ | ૦૧ |
| સાબરકાંઠા | ૧૦ | ૦૨ | ૦૩ |
| અરવલ્લી | ૨૨ | ૦૨ | ૧૪ |
| મહીસાગર | ૪૨ | ૦૧ | ૦૭ |
| તાપી | ૦૨ | ૦૦ | ૦૧ |
| વલસાડ | ૦૬ | ૦૧ | ૦૩ |
| નવસારી | ૦૮ | ૦૦ | ૦૪ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૦ |
| સુરેન્દ્રનગર | ૦૧ | ૦૦ | ૦૧ |
| દેવભૂમિ દ્વારકા | ૦૩ | ૦૦ | ૦૦ |
| જૂનાગઢ | ૦૨ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૬૬૨૫** | **૩૯૬** | **૧૫૦૦** |

# અરવલ્લીમાં કોરોનાથી હાહાકાર

## એક જ દિવસમાં ૨૫ કેસ કોરોના પોઝીટીવ થતાં જિલ્લામાં હડકંપ : કુલ ૪૭ કેસ, લોકોમાં ફફડાટ

સમગ્ર વિશ્વને કોરોના વાઈરસે હચમચાવી મુક્યું છે. વિશ્વમાં લાખો લોકો કોરોનાના સંક્રમણમાં આવી ચુક્યા છે. સાથે સરકારે લોકડાઉન દોઢ મહિનાથી જાહેર કર્યુ છે છતાંય કોરોના વાયરસનો કહેર દેશમાં સતત વધતો જઈ રહ્યો છે. આ કહેર વધવા પાછળ લોકોની ભયાનક હદે બેદરકારી અને તંત્રની ઢીલી અને દિશાહીન નિતીએ ભાગ ભજવ્યો હોવાનું કેટલાક લોકો જણાવી રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના મતે દેશમાં અત્યાર સુધીમાં કોરોના વાયરસ સંક્રમિતોની સંખ્યા ૪૦ હજારને પાર થઈ ગઈ છે. અત્યાર સુધી વાયરસની ઝપટમાં આવવાથી ૧૩૦૦ થી વધુ દર્દીઓના મોતને ભેટ્યા છે જ્યારે ૧૦ હજારથી વધુ લોકો સ્વસ્થ થઈ ચૂકયા છે. અગાઉ અરવલ્લી જિલ્લામાં કોરોના વિસ્ફોટ થતા એક જ દિવસમાં ૯ કેસ કોરોના પોઝેટીવ નોંધાયા હતા. જ્યારે અરવલ્લી જિલ્લામાં અગાઉ છુટા છવાયા મળીને ૨૨ કેસ નોંધાયા હતા. પરંતુ બુધવારના રોજ અરવલ્લી જિલ્લામાં અચાનક કોરોના મહાવિસ્ફોટ થયો હતો અને એક સાથે ૨૫ કેસ પોઝીટીવ આવતાં સમગ્ર જિલ્લામાં ભયનો માહોલ પ્રસરી ગયો છે.

અરવલ્લી જિલ્લામાં બુધવારના રોજ રીતસરનો કોરોના બોમ્બ ફાટ્યો હતો અને જિલ્લાના જુદા જુદા સ્થળે મળીને ૨૫ કેસ નોંધાયા હતા. ત્યારે અરવલ્લી જિલ્લામાં અત્યાર સુધીના કુલ ૪૭ કેસ નોંધાયા સમગ્ર જિલ્લામાં હડકંપ મચ્યો છે. જિલ્લાના મોડાસામાં પાંચ, શિલાદ્રી, શોભાયડામાં ત્રણ, ટીંટોઈ, બ્રહ્મપુરી, અમલાઈમાં ત્રણ, લિંભોઈ, મેઘરજ, સુરપુર, જનાલી ટાંડામાં ત્રણ, કરણપુર, સુનોખ, શામપુર, ખડોદા અને જાબચીતરીયામાં કેસ નોંધાતાં ગ્રામજનોમાં પણ ભારે ફફડાટ વ્યાપ્યો છે. લોકડાઉન-૧માં એક પણ કેસ અરવલ્લી જિલ્લામાં નહોતો જ્યારે લોકડાઉન-૨માં ૨૨ કેસ અરવલ્લી જિલ્લામાં નોંધાયા હતા અને હવે લોકડાઉન-૩માં વધુ ૨૫ કેસ નોંધાતાં અરવલ્લી જિલ્લામાં ૪૭ કેસ પોઝીટીવ થયા છે. અને હજુ કેટલાક રીપોર્ટ પેન્ડીંગ છે ત્યારે જિલ્લાનું શું થશે તે ચિંતામાં જિલ્લાવાસીઓ ગરકાવ થયા છે.

## બનાસકાંઠામાં કોરોનાના વધુ ૮ દર્દીઓને બનાસ મેડિકલ કોલેજમાંથી સ્વસ્થ કરી પરત મોકલાયા

પાલનપુર, તા. ૬

જિલ્લાના હોટસ્પોટ એરીયા એવા ગઠામણ ગામના સાત અને ભાગળ જગાણા ગામના એક દર્દીને રજા અપાઈ હતી.

બનાસ મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલની વધુ એક સફળતા મળી હતી.બનાસ મેડીકલ કોલેજ હોસ્પિટલના સુપરિન્ટેન્ડન્ટ ડૉક્ટર સુનિલ ભાઈ જોશી અને તેમની ટીમની અથાગ મહેનત નું પરિણામ

રજા મેળવનાર દર્દીઓએ બનાસ મેડિકલ કોલેજ હોસ્પિટલ ની સમગ્ર ટીમની કામગીરી અને તમામ સુવિધાઓ માટે આભાર માન્યો હતો.

## સરકારી નોકરી કરતા કર્મચારીઓએ નોન NFSA કાર્ડધારકોએ મફત અનાજનો જથ્થો લીધો તો ખાતાકીય તપાસ

રાજ્ય સરકારે તાજેતરમાં લોકડાઉનના પગલે રાજ્યના દ્રહ્લજીછના કાર્ડ ધારકોને પણ મે મહિનામાં બીજીવાર અનાજ મળશે ૬૧ લાખ રેશનકાર્ડ હોલ્ડરોને પરિવારદિઠ ૧૦ કિલો ઘંઉ, ૩ કિલો ચોખા, ૧ કિલો દાળ અને ૧ કિલો ખાંડનું વિનામૂલ્યે ૭ મી મે થી વિતરણ કરવાનો નિર્ણય કર્યા બાદ મુખ્યમંત્રીએ NFSA અને નોન NFSA ના ૬૮.૮૦ લાખ કાર્ડધારકોના ૩.૩૬ કરોડ નાગરીકોને પણ બીજીવાર મે મહિનામા વિનામૂલ્યે અનાજ વિતરણ કરવાનો નિર્ણય કર્યો છે. ત્યારે અરવલ્લી જીલ્લા પુરવઠા અધિકારીએ સરકારી નોકરી કરતા કર્મચારીઓએ નોન NFSA કાર્ડધારકોએ અનાજનો જથ્થો લીધો તો ખાતાકીય તાપસ થશે અને તેમની વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવશેનો પરિપત્ર કરતા કર્મચારીઓ અનેક ચર્ચાએ જોર પકડ્યું છે. સોમવારે અરવલ્લી જીલ્લા પુરવઠા અધિકારીએ દરેક સરકારી કચેરીઓમાં પરિપત્ર કરી જણાવ્યું છે કે સરકાર દ્વારા દ્વારા Non NFSA કાર્ડ ઘારકોને વિના મૂલ્ય અનાજ ૭-૫-૨૦ થી ૧૧-૫-૨૦ સુધી વિતરણ કરવા જાહેરાત કરવામાં આવેલ છે. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં લેતાં નોન-એન એફ એસ એ એપીએલ-૧ કાર્ડધારકોમાંથી જરૂરીયાતવાળા લોકો જ અનાજ મેળવે જયારે સરકારી નોકરી કરતા હોય તેવા કર્મચારીઓ નોન-એનએફએસએ એપીએલ-૧ કાર્ડ ધરાવતો હોવા છતાં વિનામૂલ્ય અનાજનો લાભ ન લે તે ઈચ્છનીય છે. પરંતુ ભવિષ્યમાં પત્રકોની તપાસ કરતા માલુમ પડશે કે કોઈ કર્મચારીએ વિના મૂલ્ય અનાજનો ઉપાડ કરેલ છે. તેની વિરૂધ્ધ તપાસ હાથ ધરવામાં આવશે.

## ડીસા તાલુકાના ઝેરડાં નજીક અકસ્માત સર્જાયો એકનું ઘટનાં સ્થળે મોત

સમગ્ર દેશમાં અત્યારે લોક ડાઉન અમલમાં અને રોડ રસ્તાઓ સુમ સાંમ જોવા મળી રહ્યા છે છતાં અકસ્માત ની વણઝાર વધી રહી છે ત્યારે આજે સવારે ડીસા ધાનેરા હાઈવે ઝેરડાં નજીક બાઈક અને ટ્રક વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો જેમાં બાઈક પાસળ બેઠલ મહિલા પર ટ્રકનું ટાયર ચડી જતા કરુણ મોત નીપજ્યું હતું જયારે બાઈક ચાલકને ઈજાઓ પોહચતાં ૧૦૮ દ્વારા સારવાર અર્થે ખસેડાયા હતા. અત્યારે સમગ્ર દેશમાં લોક ડાઉન ચાલી રહ્યું છે અને વાહનોની અવર જવર પણ બંધ હાલતમાં છે તેમ સંતાય પણ અકસ્માત નો સીલ સિલો જારી છે.

મળતી માહિતી અનુસાર ધનાવડા ગામના રમેશભાઈ નાઈ અને તેમના પત્ની જોસનાબેન પતિ પત્નિ પોતાનું બાઈક લઈ ઝેરડાં બેંક ખાતે પૈસા ઉપાડવા જઈ રહ્યા હતા તયારે ઝેરડાં હાઈવે હનુમાન મંદિર પાસે બાઈક પાસળ પુર ઝડપે આવી રહેલ ટ્રક એક દમ નજીક આવ્યું જોતા ગભરાઈ ગયેલ જોસના બેન બાઈક પર થી પડી જતા પાશળ થી આવી રહેલ ટ્રક માથાના ભાગે ચડી જતા ઘટના સ્થળે મોત નીપજ્યું હતું .

### મનના ઉમંગો ● ચોથા પાનાનું ચાલુ

હતો. મેંય જાતને કાબુમાં લેવા પ્રયત્ન કર્યો. ચિંટુની આંખો હાથ વડે લૂંછી. ખાસ્સી વાર સુધી અમે એકબીજા સામે જોઈ રહ્યા. ઘણી વાતો કરવી હતી પણ શબ્દો જ જડતા ન હતા. ત્યાં બાપુ બોલ્યા,' હવે બધા આવ્યા છો તો, રણજીત ઘેર આવ્યો છે તો ચા પીને જ જજો.' સસરાનો અવાજ સાંભળતાં જ લક્ષ્મીએ હાથમાંથી પડી ગયેલી કીટલી તરફ જોયું. ઊભી થઈને કીટલી પાસે આવી. જોયું તો ચા ઢળી ગઈ ન'તી. તે મારી પાસે આવી પહેલીવાર બોલી, 'લ્યો ત્રણચાર જણાને તો થઈ રહે એટલી ચા છે. બીજી હું બનાવી દઉં છું.' કહી એ ઘરમાં ગઈ. મારા બદલે ચિંટુએ કીટલી પકડી લીધી. મને કહે, 'તમે બેસી રહો. તમારા પગે વાગ્યું છે. ચા હું પીવરાવી દઈશ.' ખાટલીમાંથી ઉતરી એણે રણછોડકાકા, મથુરકાકા અને જીવણને ચા આપી. હું જોતો રહી ગયો. આ નાનકડો છોકરો બે મહિનામાં તો કેવડો મોટો થઈ ગયો !

માથે બેડું ભરીને આવેલી કુસુમ એના ઘેર આટલાં બધાંમાણસો જોઈ વિચારમાં પડી ગઈ.

### ગૃહમંત્રીને પત્ર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રી વિજયભાઈ રૂપાણીએ કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી સાથે આ સંદર્ભે ફોન દ્વારા વિગતે વાતચીત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ ત્રણ શ્રેષ્ઠ તબીબોમાં કોરોના અંગેની સારવાર સંશોધનની મહત્વપૂર્ણ સંસ્થા આઈ.સી.એમ.આર.માં જેમની અગ્રણી ભૂમિકા છે અને એઈમ્સ નવી દિલ્હીના જેઓ સિનિયર ડાયરેકટર છે તેવા ડૉ. રણદીપ ગુલેરિયા, દિલ્હીની એપોલો હોસ્પિટલના ડૉ. રાજેશ ચાવલા અને મુંબઈના લીડીંગ પલમેનોલોજીસ્ટ ડૉ. રોહિત પંડિતને અમદાવાદની આ ૧૨૦૦ બેડની કોવિડ હોસ્પિટલ જે ખૂબ જ ટૂંકાગાળામાં કાર્યરત કરવામાં આવી છે તેમાં સેવારત મેડીકલ ટીમને જરૂરી માર્ગદર્શન આપવામાં મદદરૂપ થવા ખાસ વિઝીટ માટે મોકલવા ગૃહ મંત્રીશ્રીને આ પત્રમાં વિનંતી કરી છે.

### બેકાબૂ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

૨ જ્યારે આણંદ, ખેડા, જામનગર અને સાબરકાંઠામાં ૧-૧ નવા કેસ નોંધાયા છે. તેમજ ૧૫ દર્દીના કોરોનાને કારણે અને ૧૩ દર્દીના અન્ય બીમારી, હાઈરિસ્ક અને કોરોનાથી મોત થયા છે. જેમાં અમદાવાદમાં ૨૫, ગાંધીનગર, સાબરકાંઠા અને વડોદરામાં ૧-૧ દર્દીના મોત થયા છે. અત્યાર સુધીમાં રાજ્યમાં કુલ ૬,૬૨૫ દર્દી નોંધાયા છે, આ દર્દીઓમાં ૨૬ વેન્ટીલેટર પર, ૪૭૦૩ની હાલત સ્થિર, ૩૯૬ના મોત અને ૧૫૦૦ દર્દી ડિસ્ચાર્જ થયા છે.

અત્યાર સુધીમાં ૯૫,૧૯૧ ટેસ્ટ કરવામાં આવ્યા છે, જેમાંથી ૬૬૨૫ના રિપોર્ટ પોઝિટિવ અને ૮૮,૫૬૬ના રિપોર્ટ નેગેટિવ આવ્યા છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં ૮૪ લોકો સાજા થઈને ઘરે પણ ગયા છે.

અમદાવાદમાં ૨૪ કલાકમાં ૩૯ લોકોના મોત થયા છે, જેમાં ૨૩ પુરુષ અને ૧૬ મહિલા છે. અમદાવાદમાં આ ઉપરાંત આજે વડોદરમાં ૩, સુરતમાં ૨ જ્યારે અરવલ્લી, ગાંધીનગર, ખેડા, સાબરકાંઠા અને મહીસાગરમાં ૧-૧ ના મોત થયા છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદના મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું

કે,અમદાવાદમાં પહેલી વખત એક્ટિવ કેસની વૃદ્ધિ ઘટીને ૫ ટકા થઈ છે. જ્યારથી કોરોનાની શરૂઆત થઈ છે ત્યારથી લઈને અત્યાર સુધીમાં પહેલીવાર એક્ટિવ કેસનો ગ્રોથ રેટ ઘટીને ૫ ટકા થયો છે. શહેરમાં એક તબક્કે એક્ટિવ કેસનો ગ્રોથ રેટ ૩૦ ટકા જેટલો હતો, જે તબક્કાવાર ઘટ્યો છે. લોકો હેલ્પ લાઈન પર ફોન કરીને પોતાને કોરોના થયો હોવાની શંકા વ્યક્ત કરી ટેસ્ટ કરવાની માગ કરી રહ્યા છે.

### સે.૨૯માં...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જાહેર કરાયો હતો. જયારે ત્યારબાદ આ વિસ્તારમાં સેકટરમાંથી અંદર બહાર પ્રવેશ આપવાના મામલે મનાઈ ફરમાવી દેવામાં આવી હતી. સેકટરમાં તમામ નાના મોટા પ્રવેશદ્વાર પાસે પોલીસ બેરિકેટસ મુકી સ્થાનિકોની અવરજવર પર સંપુર્ણ પણે રોક લગાવી દેવામાં આવી હતી. સે-૨૯ના રહીશો છેલ્લા ઘણાં સમયથી સેકટરમાં જ પુરાયેલા છે. અલબત્ત જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લેવાના મામલે પણ સ્થાનિકોએ હાલાકી વેઠવી પડે છે. આવા સંજોગોમાં છેલ્લા ઘણાં સમયથી સેકટરમાં કોરોનાનો નવો કેસ નોંધાયો નથી ત્યારે આ સેકટરમાં ફરતે મુકાયેલા બેરિકેટસ દુર કરી દેવા જોઈએ તેવી પણ માંગણી ઉઠવા પામી છે.

વધુમાં સેકટરમાં રહેતા શ્રમિકો પણ જાહેરમાં શૌચક્રીયા કરીને ગંદકી ફેલાવી રહ્યા છે. ઘ-૬ પાસે માર્ગ વચાળે સ્થિત ડીવાઈડર પર જાહેરમાં શૌચક્રીયા કરતા સ્થાનિકો ગુંગળામણ અનુભવી રહ્યા છે. આવા સંજોગોમાં સે-૨૯ ના રહીશો હવે સેકટર ફરતે મુકાયેલી આડશો દુર કરવા માટે પણ માંગ ઉઠાવી રહ્યા છે. જયારે સેકટરમાં ગંદકી ફેલાવતા તત્વો સામે પણ યોગ્ય કાર્યવાહી થાય તેવી પણ સ્થાનિકોની રજુઆત છે. કોરાનાની મહામારી વચ્ચે આમ પણ સેકટરોમાં સફાઈ વ્યવસ્થા પડી ભાંગી છે ત્યારે એકરીતે સીલ કરી દેવાયેલા સેકટરોમાં ગંદકી કરવાના મામલે કોઈ પાબંદી નથી તેવુ પણ ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યુ છે.

### જીવ બચાવ્યો...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

યજ્ઞેશભાઈને આપવાનો પોતાનો વિચાર રજુ કર્યો. આ ત્રણેય તબીબોએ તેમનો નિર્ણય યોગ્ય હોવાનું જણાવ્યુ હતુ. રૂ. ૩૦ હજારનું મૂલ્ય ધરાવતુ આ ઈન્જેક્શન આપવાનો નિર્ણય લઈ અને તે આપતાં જ ચમત્કારિક પરિણામો આવવા લાગ્યા હતા. યજ્ઞેશભાઈના ઈન્ફેક્શનના માર્કર ઘટ્યા એટલુ જ નહિ. ઓક્સીજન પણ દૂર કરાયો. વાત અહિ પુરી નથી થતી પરંતુ આ પછી તેમની સારવાર દરમ્યાન વધુ બે ટેસ્ટ લેવાયા અને બન્ને ટેસ્ટ નેગેટીવ આવતાં તેમને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે.

જો કે યજ્ઞેશભાઈને હજુ ૧૪ દિવસ ક્વોરોન્ટાઈનમાં રેહવાની સલાહ હોસ્પિટલના સત્તાવાળાઓએ આપી છે. યજ્ઞેશભાઈએ કોરોનાને મ્હાત આપી અને એક નવુ જીવન સંઘર્ષ બાદ પ્રાપ્ત કર્યુ છે. તેમના પરિવારજનોએ પણ સિવિલના તમામ કર્મયોગીઓ અને તબીબો ડૉ. દિનકરભાઈ અને ડૉ. ચિરાયુભાઈએ કરેલી અથાગ મહેનતને બિરદાવી છે.

### એક્સાઈઝ વધારી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સરકારે ૧.૬ કરોડ રૂપિયાની એડિશનલ રેવન્યુમાં વધારો કરવા માટે પોતાની જૂની ફોર્મ્યુલા અપનાવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે કાચા તેલની કિંમતમાં થયેલા ઘટાડામાંથી સરકાર લાભ મેળવશે. ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા એક અધિકારીના જણાવ્યા અનુસાર પેટ્રોલ અને ડીઝલની રિટેલ કિંમત પર એક્સાઈઝ ડ્યૂટીના વધારાની કોઈ અસર નહીં થાય. કારણ કે, રાજ્ય સંચાલિત ઓઈલ કંપનીઓ આ ખર્ચ જાતે ઉઠાવશે. મતલબ કે, આંતરરાષ્ટ્રીય સ્તરે ઓઈલની કિંમત ઘટી હોવા છતાં ગ્રાહકોને તેનો કોઈ લાભ નહીં થાય.

મહત્ત્વનું છે કે, આ ભાવ વધારો મધરાતથી અમલી થઈ ગયો છે. સેન્ટ્રલ બોર્ડ ઑફ ઈનડાયરેક્ટ ટેક્સીઝ એન્ડ કસ્ટમે બહાર પાડેલા નોટિફિકેશન મુજબ, પેટ્રોલ પરની સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યૂટી ૨ રૂપિયા અને રોડ સેસ ૮ રૂપિયા વધાર્યો છે. આ જ પ્રકારે ડીઝલ પરની એક્સાઈઝ ડ્યૂટીમાં ૫ રૂપિયા પ્રતિ લિટર અને રોડ સેસમાં ૮ રૂપિયાનો વધારો ઝીંક્યો છે. આ ફેરફાર સાથે પ્રતિ લિટર પેટ્રોલ પરની એક્સાઈઝ ડ્યૂટી ૩૨.૯૮ રૂપિયા જ્યારે ડીઝલની ૩૧.૮૩ રૂપિયા થઈ છે. ૨૦૧૪ માં મોદી સરકાર બની ત્યારે પ્રતિ લિટર પેટ્રોલ પર આ ટેક્સ ૯.૪૮ રૂપિયા અને ડીઝલ પર ૩.૫૬ રૂપિયા હતો.

### દેશમાં...● અનુસંધાન પહેલાનું ચાલુ

મોત થઈ ચૂક્યા છે. જો કે આરોગ્ય મંત્રાલયે જણાવ્યુ કે કોરોના રિકવરી રેટ વધીને ૨૭.૪૧ ટકા થઈ ગયો છે . તો બીજી તરફ બનેલી એક ઘટનામાં કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય સુધી કોરોનાનો ચેપ પહોંચ્યો હોય તેમ, હોય તેમ કન્ટ્રોલ રૂમના બે કર્મીઓ કોરોનાની ચપેટમાં આવી જતાં સ્ઉઁછના કંટ્રોલ રૂમ નંબર-૧ને સીલ કરાયો હતો. અને તેને સેનટાઈઝેશન કરવાનું કામ શરૂ કરાયું હતું.

આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં અનુસાર, દેશમાં કોરોના વાઈરસના સંક્રમણના કેસ વધતા જઈ રહ્યા છે. જેમાં મહારાષ્ટ્રમાં સૌથી વધુ કેસ સામે આવ્યા છે. મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૧૫,૫૨૫ કેસ સામે આવ્યા છે. સંક્રમિતના પગલે ૬૧૭ લોકોના મૃત્યુ થયા છે .

કોરોના વાયરસનુ સંક્રમણ દેશના ૨૬ રાજ્યોમાં ફેલાયુ છે. ૬ કેન્દ્રશાસિત પ્રદેશ પણ આની ચપેટમાં છે. આમાં દિલ્હી, ચંદીગઢ, આંદામાન-નિકોબાર, જમ્મુ કાશ્મીર, લદ્દાખ અને પુડુચેરી શામેલ છે.

રાજસ્થાન આરોગ્ય વિભાગ અનુસાર રાજ્યમાં કોરોના વાયરસના આજે ૬૬ નવા કેસ સામે આવ્યા છે અને ૫ લોકોના મોત થઈ ગયા છે. રાજ્યમં દર્દીઓની સંખ્યા ૩,૧૨૭ થઈ ગઈ છે અને ૮૨ લોકોના મોત થી ગયા છે. ૧૫૮૧ લોકોનો ઈલાજ ચાલુ છે. વળી, ઉત્તરાખંડમાં વધુ એક કોરોના વાયરસના કેસની પુષ્ટિ થઈ ગઈ છે. રાજ્યમાં દર્દીઓની સંખ્યા ૬૧ થઈ ગઈ છે.

### નાયકુ ઠાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતા. પછી તે રાત પછી તેણે ક્યારેય બતાવ્યું નહીં. એક મહિના બાદ ખબર પડી કે પુત્ર આતંકવાદી બની ગયો છે. પોલીસ ઉપર દબાણ લાવવા નાયકુ દ્વારા અપહરણ દિવસની શરૂઆત કરવામાં આવી હતી. આ દિવસે દક્ષિણ કાશ્મીરમાં ૬ પોલીસકર્મીઓના ઘરના ૧૧ પરિવારના સભ્યોનું અપહરણ કરવામાં આવ્યું હતું. બાદમાં બધાને ત્યજી દેવામાં આવ્યા હતા. પરંતુ બદલામાં નાયકુના પિતાને પોલીસ કસ્ટડીમાંથી બચાવી લેવામાં આવ્યા હતા. નાયકુએ જ ફરી બંદૂકની સલામી શરૂ કરી.

આતંકવાદીઓ તે તેમના કમાન્ડરના મૃત્યુ પર આપે છે. આમાં, મૃત આતંકીઓના અંતિમ સંસ્કાર દરમિયાન, તેમને શ્રદ્ધાંજલિ આપવા માટે હવામાં ગોળી ચલાવવામાં આવે છે. ૨૦૧૬ માં બુરહાન વાનીના નિધન બાદ ૩૦ વર્ષિય નાયકુ ત્યાંના લોકો માટે આતંકનો નવો ચહેરો બન્યો હતો. તે અવંતીપોરાનો રહેવાસી હતો. ગયા વર્ષે આતંકવાદી સબઝાર ભટની મૃત્યુ બાદ તેને હિઝબુલ મુજાહિદીનનો કમાન્ડર અથવા વડા બનાવવામાં આવ્યો હતો. આ પહેલા પણ તેઓ ઘણી વખત ઘેરાયેલા હતા પરંતુ તે છટકી શકવામાં સફળ રહ્યો હતો. ગયા વર્ષે જ્યારે નાઈકુ ચર્ચામાં આવ્યો ત્યારે તેણે એક વીડિયો પોસ્ટ કર્યો હતો.